करतल होही पदारथ चारि
सोइ श्रीराम कहेउ कामारि ।।

(શ્રી રામ ચરિત માનસ)

(६) रकारोडनल बीजं स्यात्ये सर्वे बडवादय
कृत्वा मनोमलं सर्वं भस्मकर्म शुभाशुभम् ।।

(७) अकारो भानुबीजं स्यात्सर्ववेदप्रकाशकः ।
नाशयति सा दीप्त्या या हृदये तमः ।।

(८) मकारश्चन्द्र बीजं पीयूष परिपूर्णकम् ।
त्रितापं हरते नित्यं शीतल्तवं करोति च ।।

(શ્રી મહારામાયણમ)

(९) वंदउ नाम राम रघुवर को
हेतु कृसानु भानु हिमकर को ।

(શ્રી રામ ચરિત માનસ)

''यज्ञानां जपयज्ञोऽस्मि'' (ગીતા ૧૦-૨૫)

'જપયજ્ઞ એટલે પ્રભુનુ નામ જેનાથી ધર્મ તથા અધર્મ બંને પવિત્ર થાય છે.'

(શ્રી જ્ઞાનેશ્વર મહારાજ)

યજ્ઞનું રહસ્ય

'યજ્ઞ' શબ્દ સંસ્કૃતના 'यज् ' ધાતુ પરથી બનેલો છે. જેનો અર્થ થાય છે યજન અર્થાત પૂજન કરવું. કોનુ પૂજન કરવું અને કઇ રીતે પૂજન કરવું એ પ્રશ્નો પણ આની સાથે જ ઉદભવે અને તે જાણવાની જીજ્ઞાસા જાગે તે તદ્દન સ્વાભાવિક છે. એનું સમાધાન આનંદકંદ, વ્રજચંદ્ર, મદન મોહન, શ્યામ સુંદર, નંદનંદને ગીતાજીના ત્રીજા, ચોથા તથા નવમા અધ્યાયમાં નવમો અધ્યાય કે જે શ્રી જ્ઞાનેશ્વર મહારાજના કથનાનુસાર સંપૂર્ણ જ્ઞાનનો ભંડાર છે, તેઓ કહે છે કે 'સંપૂર્ણ વેદોનું જ્ઞાન મહાભારતના લક્ષ શ્લોકોમાં છે, તથા મહાભારતનું સંપૂર્ણ જ્ઞાન શ્રી ગીતાજીના સાતસો શ્લોકોમાં છે, તથા શ્રી ગીતાજીનું સંપૂર્ણ જ્ઞાન એક નવમાં અધ્યાયમાં રહેલું છે''(જ્ઞાનેશ્વરી) જેમાં આટલું અગાધ, અનન્ત, અખંડ, અસીમ, જ્ઞાન ભરેલું છે તે આ વિલક્ષણ અધ્યાયમાં જ શ્રી ભગવાન કહે છે.

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्वेनातश्च्यवन्ति ते ।।

(ગીતા ૯-૨૪)

અર્થાત સંપૂર્ણ યજ્ઞોના ભોકતા તથા પ્રભુ હું જ છું પરંતુ અજ્ઞાની જીવો મને તત્વથી ન જાણવા-સમજવાને કારણે જ યજ્ઞના સાચા સ્વરૂપ તથા ફળથી વંચિત રહી અન્ય સાધનાઓમાં જોડાઇ તથા કામનાઓમાં ફસાઇ મને પ્રાપ્ત કર્યા વિના અનાદિ સંસારચક્રમાં ભટકતા રહે છે. તેથી વાસ્તવમાં, પૂજન, નક્ષત્ર, સૂર્ય, ચન્દ્ર, વરૂણ, કુબેર, ઇન્દ્ર આદિ દેવતાઓ, ઋષિઓ, ગંધર્વો વગેરેના નહિ પરંતુ તે મહામહિમ, ઘટઘટવાસી, પરમ અવિનાશી, પરમ જ્યોતિસ્વરૂપ શ્રી રાઘવેન્દ્ર પ્રભુ, જેમના પરમ મંગલમય ''રામનામ'' ના પરમ પ્રકાશના અણુમાત્રથી જ અખિલ બ્રહ્માંડ પ્રકાશિત તથા ઉદ્દભાસિત થાય છે, તેમનું પૂજન કરવું જોઇએ જેમકે -

(૧) विषय करन सुर जीव समेता
सकल एक ते एक सचेता ।
सब कर परम प्रकाशक जोइ
राम अनादि अवधपति सोइ ।।

(२) सहज प्रकाश स्वरुप भगवाना ।
नही तहँ पुनि विग्यान विहाना ।।

(३) बंदउ नाम राम रघुवर को ।
हेतु कृसानु भानु हिमकरको ।।

(શ્રી રામચરિત માનસ)

અર્થાત જે અગ્નિ, સૂર્ય તથા શબ્દનું પણ કારણ છે, બીજા શબ્દોમાં કહીએ તો અગ્નિ, સૂર્ય અને શબ્દ પણ જેને આધિન છે. તે જ પરબ્રહ્મ પરમાત્મા - સચ્ચિદાનંદ આનંદકંદ - યજ્ઞ દ્વારા પૂજનીય છે. શ્રી ભગવાનના જ શબ્દોમાં

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।
सर्व कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥

(ગીતા ૪-૩૩)

અર્થાત ભૌતિક પદાર્થોની સહાયથી થતો યજ્ઞ સાધારણ કોટિનો છે. વસ્તુતઃ યજ્ઞોમાં શ્રેષ્ઠ તો જ્ઞાનયજ્ઞ જ છે. જ્ઞાનયજ્ઞ એટલે વેદશાસ્ત્રોનું પઠન-પાઠન તથા તેમના દ્વારા પરમતત્વપ્રાપ્તિનું સાધન વિશેષ નક્કી કરી, શ્રદ્ધાવાન બની તદનુસાર આચરણ કરવું. બીજા શબ્દોમાં તાત્વિક પ્રભુ પૂજન એ જ જ્ઞાનયજ્ઞ. પરંતુ એ જ્ઞાનયજ્ઞ પણ એક પ્રકારનું સાધન જ છે કારણ કે-

श्रध्धावांल्लभते ज्ञानं तत्परः संयतेईन्द्रियः ।
ज्ञानं लब्धवा परां शान्तिम चिरेणा धिगच्छति ॥

(ગીતા ૪-૩૯)

તે જ્ઞાનપ્રાપ્તિના સાધનરૂપે, પ્રભુ પોતે શ્રદ્ધા, તત્પરતા તથા ઇન્દ્રિયનિગ્રહ વર્ણવે છે. જયાં સુધી કોઇપણ પ્રકારની હિલચાલ જીવનને વળગેલી છે ત્યાં સુધી જીવન ક્રિયાત્મક જ કહી શકાય આ બધાં સાધનોથી સંપન્ન થઇ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ જ અખંડ શાંતિ અને પરમાનંદની પ્રાપ્તિ અર્થાત જ્ઞાનનું ફળ પ્રાપ્ત થાય છે. તેથી સિદ્ધ થાય છે કે જ્ઞાનયજ્ઞ પણ એક પ્રકારનો ક્રિયાત્મક યજ્ઞ જ છે, નહિતર તત્વજ્ઞાન એટલે કે નિજ સ્વરૂપની અનૂભૂતિ થતાંની સાથે જ ક્રિયા સર્વથા વિલુપ્ત થઇ જાય જેમકે -

कर्मकि होहि स्वरूपहि चीन्हें

(શ્રી રામચરિત માનસ)

પરંતુ શ્રી પ્રભુએ *'વિભૂતિ યોગ'* નામક ૧૦મા અધ્યાયમાં કહ્યું છે "यज्ञानां जपयज्ञोऽस्मि" (ગીતા ૧૦-૨૫) તે પ્રમાણે જપયજ્ઞ એ તો પ્રભુનું સાક્ષાત સ્વરૂપ એટલે કે વિભૂતિ જ છે, ધૂપ, ઘી, તલ, જવ વગેરે અગ્નિમાં હોમી જે હવન કરવામાં આવે છે તે તો એક સ્થૂળ યજ્ઞ છે. વાસ્વમાં યજ્ઞ તો, શ્રી ગોસ્વામી તુલસીદાસજીના શબ્દોમાં, જપયજ્ઞ જ છે.

वीर महा अवराधिये साधै सिध्धि होय ।
सकल कामपूरन करै जानै सब कोय ॥
वेगि विलंब न किजिये लीजे उपदेश ।
बीजमंत्र जपिये सोई जो जपत महेश ॥
प्रेमवारि तर्पन भलो धृत सहज सनेहू ।
संशय समिध अगिनी छमा ममता बलि देहु ॥ (વિનયપત્રિકા પદ ૧૦૮)

ખરેખર તો ઇચ્છાઓના નહિ, પ્રભુના દાસ જ બનવું જોઇએ.

अघ उचाट बस मन करे मारे मदमार ।
आकरषै सुख संपदा संतोष विचार ॥
जिन्ह एही भांति भजन कियो मिले रघुपति ताहि ।
तुलसीदास प्रभुपंथ चडयो जो लेहु निबाहि ॥

અર્થાત વીરપુંગવ રઘુનાથજીની જ આરાધના કરવી ઉચિત છે. તેમને સાધી લેવાથી બધું જ સિદ્ધ થઇ જાય છે. સમગ્ર સિધ્ધિઓ આવી મળે છે. તે બધી જ ઇચ્છાઓને પૂરી કરી દે છે જે સૌ કોઇ જાણે છે. જલદી (કોઇ સદ્‌ગુરૂ પાસેથી) ઉપદેશ ગ્રહણ કરવો જોઇએ, જરા પણ વાર ન લગાડવી જોઇએ. તે બીજમંત્ર (રામ)નો જ જપ કરવો જોઇએ, જેનો શિવજી પણ જપ કરે છે. (મંત્રના જપ પછી જે હવન આદિ કરવામાં આવે છે તેની પણ વિધિ સાંભળી લો.) પ્રેમરૂપી જલથી તર્પણ કરવું જોઇએ અને સહજ સ્વાભાવિક સ્નેહનું ઘી બનાવવું જોઇએ. સંદેહરૂપી સમિધથી ક્ષમારૂપી અગ્નિ પ્રજવલિત કરી તેમાં 'મમતા'નું બલિદાન આપવું જોઇએ. પાપોનું ઉચ્ચાટન, મનનું વશીકરણ, અહંકાર અને કામનું મારણ તેમજ સંતોષ તથા જ્ઞાનરૂપી સુખ-સંપત્તિનું આકર્ષણ કરવું જોઇએ. જેણે આ રીતે ભજન કર્યું છે, તેને અવશ્ય રઘુનાથજી પ્રાપ્ત થયા છે. તુલસીદાસ પણ આ જ માર્ગ પર ચડયો છે, જેને તેના સ્વામી નભાવી લેશે, તેનું યોગક્ષેમ તે જ કરશે.' સાચો યજ્ઞ તો પ્રભુનામ - સ્મરણરૂપ જપ યજ્ઞ જ છે, જેનાથી ઉપર્યુકત સ્થિતિ આપો આપ થઇ જાય છે.-

માનસશાસ્ત્રની દૃષ્ટિથી જપયજ્ઞ પર વિચાર કરીએ તો આધુનિક માનસશાસ્ત્રીય શોધો દ્વારા એ પૂરવાર થઇ ચુકયું છે કે, એક મન અથવા વિચારવાળા મનુષ્યો જયાં વધુમાં વધુ સંખ્યામાં એકત્રિત થાય છે ત્યાં તેઓમાં અંતઃકરણની એકાગ્રતા વધે છે અને જેમ જેમ એકાગ્રતા વધે છે તેમ તેમ વૃતિ અંતર્મુખ થતી જાય છે અર્થાત બાહ્ય વિષયોનો ત્યાગ કરી મૂલ તત્વનું શોધન થવા લાગે છે, અને મૂલ તત્વ-આત્મા અથવા પરમાત્મા તરફ વૃતિ જેમ જેમ જોડાતી જાય છે તેમ તેમ પ્રકાશ વધવા લાગે છે અને હૃદયરૂપી ગુફામાં અનેક જન્મ જન્માંતરોથી સંચિત અવિદ્યારૂપી અંધકાર ક્ષીણ થવા માંડે છે અને એક દિવસ એવો આવી જાય છે કે જયારે સાધક અથવા પૂજક સ્વયં પ્રકાશસ્વરૂપ બની સંપૂર્ણ વિશ્વને, સંપૂર્ણ બ્રહ્માંડને પ્રકાશમય દેખવા લાગે છે. જેમ પાણીથી ભરેલા અનેક ઘડાઓમાં એક જ મૂળ સૂર્યબિંબનું પ્રતિબિંબ પડતું દેખાય છે, પરંતુ અલ્પજ્ઞ જીવોને ભ્રાંતિવશ અનેક સૂર્યબિંબો દેખાય છે. કિન્તુ ઘડાને ફોડી નાખવાથી યા તેમાંથી મમતારૂપી જલને બહાર ફેંકી દેવાથી એક જ મૂળ સૂર્યબિંબ રહે છે તેવી જ રીતે નામ જપતા જપતાં આપણે જેમ જેમ તે નામી(નામવાળા) પ્રભુની નજીક પહોંચતા જઇએ છીએ તેમ તેમ સંસારનું ભ્રાંતિજન્ય અનેકત્વ વિલિન થતું જાય છે તથા પરબ્રહ્મ પરમાત્મા શ્રી રામ પ્રભુનું એકત્વ જ સર્વત્ર દૃષ્ટિગોચર થવામાંડે છે તે સમયે સાથે બેસીને ભજન કીર્તન કરવાવાળી માતા માતા નથી રહેતી કે ભાઇ ભાઇ નથી રહેતો પરંતુ ईशावास्य मिदं ની જેમ બધું જ શ્રી રામ મય દેખાવા માંડે છે. દેહરૂપી ઘડામાંથી મમતારૂપી જલ ફેંકી દેવાથી આત્મા અર્થાત શ્રી રામ પ્રભુ જ શેષ રહે છે અને તે સમયે -

(१) जडचेतन जग जीव जत सकल राममय जानि ।
बंदौ सबके पदकमल, सदा जोरि जुगपानि ॥ (શ્રી રામચરિત માનસ)

(૨) जित देखौं तित्त श्याममयी है । (श्री सूरदासजी)

(३) लाली मेरे लाल की, जित देखौं तित लाल ।
लाली देखन मैं चली, तो मैं भी हो गई लाल ॥

(શ્રી કબીરદાસજી)

પછી તે સમયે રાગ, દ્વેષ, ઇર્ષ્યાનો સંપૂર્ણપણે નાશ થઇ જગત કેવળ રામમય બની જાય છે તથા સર્વત્ર પરમપ્રેમનો અગાધ મહોદધિ, મહાસાગર લહેરાવા માંડે છે. જાણે તેમાંથી પેલો નાદ ન સંભળાતો હોય ''પરમ પ્રેમ પરબ્રહ્મ'', તે સ્થિતિમાં પહોંચેલું મન મન જ નથી રહેતું પરંતુ તેનું સુમનમાં રૂપાંતર થઇ જાય છે. સુમનના બે અર્થ છે : એક પુષ્પ અને બીજો પવિત્ર વિશુદ્ધ મન. પુષ્પ દ્વારા સ્થૂલ પૂજા કરવામાં આવે છે તો સુમન અર્થાત પવિત્ર મન દ્વારા પવિત્ર પૂજા. સુમન એટલે કે દિવ્ય મનરૂપી પુષ્પ જ પ્રભુની પૂજાની સામગ્રી છે. નામ રટણથી કઠોર, કલુષિત, કર્કશ મન પણ मृदुनि कुसुमादपि જેવું સુમન બની જાય છે. જ્યારે પુષ્પ કળીના (અવિકસિત) રૂપમાં હોય છે ત્યારે તેની સુગંધ નથી હોતી પરંતુ જ્યારે તે પુષ્પ વિકસિત થાય છે - પ્રસ્ફુટિત થાય છે ત્યારે તેની મૃદુલ, મંજુલ સૌરભ સર્વત્ર પ્રસરાઇ જાય છે એ જ રીતે નામ સ્મરણથી સંકુચિત તથા કલુષિત મન પ્રસ્ફુટિત થાય છે, સુમન બને છે તે સમયે તે મનરૂપી સુમનની સુવાસ ચારે બાજુ ફેલાઇ પ્રભુને પ્રસન્ન કરતાં કરતાં વશીભૂત કરે છે, જેમકે,

(१) अहो बत श्वपचोऽतो गरीयान यज्जिव्हाग्रे वर्तते नाम तुभ्यम् ।
तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या ब्रह्मानूचुर्नाम गृहयन्ति ये ते ॥

(શ્રીમદ્દભાગવત ૩-૩૩-૭)

(२) यस्मिज्जन प्राणवियोगकाले क्षणं समावेश्य मनोविशुध्धम् ।
निहत्य कर्माशयमाशु याति परां गतिं बह्ममयोऽर्कवर्ण ।

(શ્રીમદ્દભાગવત ૧૦-૪૬-૩૨)

(३) तस्मिन्भवन्ता बखीलात्महेतौ नारायणे कारणमर्त्यमूर्तौ ।

(શ્રીમદ્દભાગવત ૧૦-૪૬-૩૩)

અર્થાત (૧) શ્રી દેવહૂતિ શ્રી કપિલ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે, ''અહો ! કુતરાનું માંસ ખાનાર તે ચાંડાલ પણ અતિ શ્રેષ્ઠ છે જેની જીભના અગ્રભાગમાં આપનું (ભગવાનનું) નામ વિરાજમાન છે. જે શ્રેષ્ઠ પુરૂષ આપના નામનું ઉચ્ચારણ કરે છે તેણે તપ, હવન (યજ્ઞ) તીર્થસ્નાન, સદાચારનું પાલન તથા વેદાધ્યયન બધું જ કરી લીધું.''

(૨)(૩) એ જ રીતે શ્રી ઉદ્ધવજી નન્દબાબા તથા જશોદા મૈયાના મહિમાનું સૌભાગ્યવર્ણન કરતાં કહે છે કે ''ભગવાન બલરામ તથા શ્રી કૃષ્ણ પુરાણપુરૂષ છે, તે સારાયે સંસારનું ઉપાદાન અને નિમિત્ત કારણ પણ છે. એવા પ્રભુમાં મૃત્યુ સમયે જે જીવ પોતાના વિશુદ્ધ મનને એકક્ષણને માટે પણ જોડી દે તેની સમસ્ત કર્મવાસનાઓ ખરી પડે

) અને તરત જ સૂર્યની જેમ તેજસ્વી તથા બ્રહ્મમય બની પરમ ગતિને પ્રાપ્ત કરે છે. એવા ભુમાં આપનો જયાં સુદૃઢ વાત્સલ્યભાવ છે ત્યાં પછી પૂછવાનું જ શું હોય? '' મનશુદ્ધિનું સાધન તથા તેની સિદ્ધિનું આથી વિશેષ બીજું શ્રેષ્ઠ પ્રમાણ કયું હોઇ શકે ? વળી, શ્રી રામચરિત માનસમાં પણ શ્રી રાઘવેન્દ્રના પવિત્ર વિશુદ્ધમનનું પ્રમાણ નિમ્નલિખિત ઉદ્ધારણો દ્વારા પ્રાપ્ત થાય છે -

(१) सिय सोभा हिय वरनि प्रभु आपनि दसा विचारि ।
बोले सुचिमन अनुज सन, बचन समय अनुहारि ॥
(२) सुमन पाई मुनि पूजा किन्ही, आशीर्वाद दोउ भाइन्हि दीन्ही
सफल मनोरथ होहिं तुम्हारे, राम लखन सुनि भये सुखारे ॥

જેવી રીતે લક્ષ્મણજી સમક્ષ ભગવાને પોતાના શુચિમનનો પરિચય આપ્યો તેવી જ રીતે ગુરૂદેવ શ્રી વિશ્વામિત્રજીના ચરણોમાં પણ એક બાજુથી હાથમાં કુદરતી સુમન (પુષ્પ) બીજી બાજુથી હૃદયસ્થ વિશુદ્ધ મનરૂપી 'સુમન' અર્પણ કર્યુ જેના પરિણામે સર્વ મનોરથ સફલતાનો પ્રસાદ પ્રાપ્ત થયો. સુમન અર્થાત વિશુદ્ધ મનનું પ્રમાણ જ એ છે કે જ્ઞાત અથવા અજ્ઞાતમાં થયેલું કોઇપણ પ્રકારનું પાપ અથવા અનીતિ તેમાં ટકી નથી શકતી, આપો આપ બહાર આવી જાય છે અને વળી

(१) मन एसो निरमल भयो, जैसो गंगा नीर ।
पीछे पीछे हरि फिरे, कहत कबीर कबीर ॥

(શ્રી કબીરદાસજી)

એ સુમન અર્થાત પવિત્ર મન જ પૂજાનું સાચુ ફૂલ છે. એ જ સુમન દ્વારા શ્રી રામપ્રભુના પાદપદ્મોનું પૂજન કરી તેમની પરમ પ્રસન્નતારૂપ એકત્વ પ્રાપ્ત કરવું એ જ સાચો યજ્ઞ યા પૂજન છે. આ સ્થિતિ જપ યજ્ઞ કરતાં કરતાં આપોઆપ, બીજા કોઇપણ સાધનનો સહારો લીધા વીના આવી મળે છે. બધામાં શ્રી રામપ્રભુને જોવા અને શ્રી રામ પ્રભુમાં બધુ દૃષ્ટિગોચર થવું એ જ યજ્ઞનું રહસ્ય છે.

(१) यो मां पश्यति सर्वत्र, सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि, स च मे न प्रणश्यति ॥

(ગીતા ૬-૩૦)

આ થયું આધ્યાત્મિક રહસ્ય ,હવે જોઇએ વૈજ્ઞાનિક રહસ્ય. સ્વામી રામતીર્થજીના કથનાનુસાર આ યુગમાં આહુતિ દઇને મોટા મોટા યજ્ઞો કરવામાં લાભને બદલે નુકસાન રહેલું છે, કારણકે સમયના પરિવર્તનાનુસાર પરિસ્થિતિને અનુકુળ બનાવવા માટે સાધનમાં પણ પરિવર્તન આવશ્યક બની જાય છે. પહેલાની બધી વસ્તુઓ આજે બદલાએલી સ્થિતિમાં છે. નથી આજ શુદ્ધ સામગ્રી કે વસ્તુઓ, ન તો દેશ સમૃદ્ધિશાળી છે, નથી તો એ સ્થાનની પવિત્રતા કે નથી તેના વિજ્ઞ વિદ્વાનો. સાથે સાથે ભારત વર્ષની સ્થિતિ પણ

ફેલાયેલી છે. તે સમયે ભારતમાં ઘણાં જંગલો હતા. વૃક્ષ વનસ્પતિઓ પણ ખૂબજ હતી વસ્તી ઓછી હતી જેથી તે વખતે જે યજ્ઞયાગાદિ થતાં તેનાથી કાર્બોનિક એસિડ ગેસ પેદા થતો જે વનસ્પતિઓ માટે ફાયદાકારક, લાભજનક હતો. પરંતુ આજે તો વસ્તી ખૂબજ વધેલી તેમજ જંગલો ગણ્યા-ગાંઠયા રહ્યાં છે. તેથી કાર્બોનિક એસિડ ગેસ વધારે પેદા થવાથી માણસમાં આળસની વૃધ્ધિ થશે તેમજ આળસ અર્થાત તમો ગુણી વૃતિ વધવાથી મનુષ્યના ચિત્તમાં અનેક પ્રકારના વિકારો સ્વાભાવિકપણે ઉભા થશે. આળસ નિદ્રા, પ્રમાદ, અપ્રવૃતિ, અપ્રકાશ વગેરેનો કોઇ જનક હોય તો તે તમોગુણ જ છે, જેમકે -

(१) अप्रकाशोऽप्रवृतिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायन्ते विवृध्वे कुरुनंदन ॥

(2) An idle man's mind is Devil's workshop :

આળસુ મનુષ્યોનું મન ભૂતોના વિકારોનો અડ્ડો બની જશે અને તમોગુણ યા આસુરી સંપદાની વૃદ્ધિથી સંસારમાં વ્યભિચાર, દુરાચાર, અનાચાર પેદા થશે જેથી શુદ્ધિને બદલે અશુદ્ધિ જ થવાની સંભાવના છે. અત્યારે તો ઓકસિજન ગેસ (પ્રાણશકિત)ની વૃદ્ધિની આવશ્યકતા છે. તેથી તે સામગ્રી અગ્નિમાં ન હોમી દેતાં ગરીબોની જલતી જઠરાગ્નિમાં જ હોમવી ઉચિત છે જેથી તેમનામાં પ્રાણશકિત પ્રબળ બને તથા સત્કર્મ દ્વારા પોતાનું તથા જગતનું ભલું કરે એટલે કર્મયજ્ઞને સ્થાને જપયજ્ઞ જ સર્વશ્રેષ્ઠ ઠરે છે.

પહેલા યજ્ઞ દ્વારા વૃષ્ટિ થતી હતી, પરંતુ પ્રમાણયુકત નહિ- કયારેક વધારે, કયારેક ઓછી પરંતુ જપયજ્ઞથી પણ વૃષ્ટિ થઇ શકે છે અને તે પણ પ્રમાણયુકત, જેટલી આવશ્યકતા હોય તેટલી જ. કેવી રીતે ? વિચાર કરતાં જણાશે કે દરેક કર્મોમાં સફળતા સંકલ્પ દ્વારા મળે છે. અને જેટલું મનુષ્યનું અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર તેટલી જ શીઘ્રતા અને સફળતાપૂર્વક તેનો સંકલ્પ સિદ્ધ થાય છે. ઇશ્વરની અવતારલીલા શું છે ? જે પ્રભુને કોઇ રૂપ નથી, આકાર-પ્રકાર નથી છતાં પણ તે સાકાર બની આ ધરતી પરઅવતરે છે તે માત્ર ભકતોના વિશુદ્દ સંકલ્પોને જ કારણે. જેમ બાળકના સંકલ્પાનુસાર વાત્સલ્ય રસને કારણે જ માનું લોહી દૂધમાં ફેરવાઇ જાય છે તેવી જ રીતે ભગવાનના સગુણ સાકાર વિગ્રહનું દર્શન એ ભકતોના સંકલ્પનું જ પરિણામ હોય છે. નહિ તો માના શરીરમાં દૂધ બનવા-બનાવવાનું મશીન થોડું છે ? આ જ ન્યાયે વાત્સલ્ય રસના આગાર પરબ્રહ્મ પરમાત્મા નિર્ગુણમાંથી સગુણ બની જાય છે જેમકે -

(१) अगुन अरूप अलख अज जोई,
भगत प्रेमवस सगुन सो होई ।

(२) अगुन अलेप अमान एकरस,
राम सगुन भये भगत प्रेमवस ॥

(३) मन क्रम बचन अगोचर जोई,
दसरथ अजीर विचर प्रभु सोई ।

(૪) पुरुष प्रसिद्ध प्रकासनिधि प्रगट परावर नाथ ।
रघुकुल मनि मम स्वामि सो, कही सीव नायो माथ ॥

(૫) आदि अंत कोउ जासु न पावा,
मति अनुरूप निगम अस गावा ।
पग बिनु चलै सुनै बिनु काना,
कर बिनु कर्म करै विधि नाना ।
आनन रहित सकल रस भोगी,
बिनु बानी बक्ता बड जोगी ।
तन बिनु परस नयन बिनु देखा,
ग्रहहि घ्राण बिनु बास अशेषा ।
अस सब भांति अलोकिक करनी,
महिमा जासु जाइ नही बरनी ।
जिहि इमि गावहिं वेद बुध जाहि धरहि मुनि ध्यान ।
सोइ दशरथ सुत भगत हित, कोसलपति भगवान ॥

(૬) व्यापक ब्रह्म निरंजन निर्गुन रहित विनोद ।
सो अज प्रेम भगति वस, कौसल्या कें गोद ॥

(શ્રી રામચરિત માનસ)

(૭) .... तदात्मानं सृजाम्यहमं ।
.... संभवामि युगे युगे ॥ (ગીતા ૪-૮)

ભગવાન શ્રી રામચંદ્રજીના રાજયમાં બધા નરનારીઓનું મન અહર્નિશ પ્રભુમાં ચોંટેલું રહેતું હોઇ પરમ પવિત્ર, વિશુદ્ધ બનેલું હતું તેથી તે સમયે લોકો જે ચાહતા તેની સંપૂર્ણ ઇચ્છાઓ પૂરી થતી. પાણી માગવાથી વાદળો પાણી આપતાં. સૂર્ય પણ એટલો જ તપતો જેટલી લોકોની જરૂરિયાત રહેતી જેમકે -

दैहिक दैविक भौतिक तापा, रामराज नही काहुहि व्यापा ।
विधु मही पूर मयूरवन्हि रवि तप जेतनेही काज ।
मांगे बारिद देहिं जल, रामचंद्र के राज ।

(શ્રી રામચરિત માનસ)

એટલે જયારે આપણે એક મન થઇ વધુમાં વધુ સંખ્યામાં મળીને એક સંકલ્પથી પ્રભુને પુકારવા માંડશું ત્યારે પ્રભુનામ-સ્મરણ દ્વારા પવિત્ર થયેલું અંતઃકરણ તથા દ્રઢ સંકલ્પમાંથી નીકળેલી પુકાર બ્રહ્માંડના કણેકણમાં ગુંજી ઉઠશે, પ્રભુનું સિંહાસન ડોલી ઉઠશે અને પ્રભુનામનો ધ્વનિ સાંભળતા જ ભકતોના પરમરક્ષક શ્રી વીરપુંગવ હનુમન્તલાલજી આજ વિજયમંત્રનો ગુંજારવ કરતા, દુષ્ટોના દુર્ગ તોડતા તથા પાપીઓના હૃદય વિદીર્ણ કરતા સંપૂર્ણ વિશ્વમાં વિજય પતાકા લહેરાવશે અને ત્રણે લોક જયજયકારના તુમુલ ધ્વનિથી ગાજી ઉઠશે.

ભજન માટે સમય અને વ્યક્તિની રાહ જોશો નહિ.

આ સંપૂર્ણ લીલા પ્રેમીઓને ઘેર બેઠાં જ દૃષ્ટિ ગોચર થશે તથા કળિયુગમાં પણ એકવાર ફરી રામરાજ્ય સ્થપાશે તેમાં શંકા નથી. વિશ્વાસ રાખો. શ્રદ્ધાવાન બનો, નામ રટતાં રટતાં તેમાં લીન થઇ જાઓ, આત્મામાં ઓતપ્રોત થઇ જાઓ, વિજયમંત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં તમારી રગેરગ અને નસેનસમાં આ ધ્વનિ જાગૃત કરો. એ ભૂલવું ન જોઇએ કે ચોરાશી લાખનો ફેરો ટાળવો હોય તો તેને માટે તે વિલક્ષણ વિજયમંત્ર જ રામબાણની માફક અમોઘ અસ્ત્ર છે. નામ લખતાં, ઉચ્ચાર કરતાં, જયઘોષની સાથે બધી જ માનસિક દુર્બળતાઓને કચડી રહ્યો છું એ જાતની દૃઢતા ધારણ કરો. હવે મારામાં લેશ માત્ર પણ પાપ નથી. કામની ગંધ નથી, શ્રીરામ કૃપાથી જાગ્રત છું. મોહ માયાનો પડદો તુટ્યો. ઓહ જુઓ કેવો આનંદ ! હવે તો હું શ્રી રામ પ્રભુનો જ છું તથા શ્રી રામપ્રભુ મારા છે. હું અને મારા પણું હવે રામ અને રામપણામાં લીન થયું. વર્ષો અને યુગોની સુષુપ્તાવસ્થા દૂર થઇ વિજયનો દિવસ આવ્યો. આ રીતે આનંદમગ્ન થઇ વિજયમંત્ર રટતાં રટતાં જપતાં જપતાં, રમતાં રમતાં એક દિવસ એવો આવશે કે જયારે હૃદય આનંદવિભોર બની નાચવા માંડશે, નેત્ર પોતાના પ્રેમાશ્રુઓથી અંગ અંગ શીતલ કરવા માંડશે, હાથ તાળી પાડી પાડીને ફરકવા માંડશે તથા સર્વત્ર જયજયકારના ધ્વનિથી કર્ણકુહર ઝંકૃત થઇ ઉઠશે તથા તે ઉન્મની અવસ્થામાં પણ હૃદયવીણાના પ્રત્યેક સ્વરો ''જય જય રઘુવીર સમર્થકી જય''નું ગુંજન કરતા હશે. એવા વિજયમંત્રને જપો, જપાવો, સુખી બનો અને બનાવો. કળિયુગમાં નામસ્મરણ કરનાર અને કરાવનાર જ ધન્ય છે. ઉપર્યુક્ત સ્થિતિનો સંપૂર્ણ પરિચય નિમ્નલિખિત ઉદાહરણોમાં સમ્યક્રૂપેણ મળી જાય છે અને તે પણ પરમહંસ શિરોમણી શ્રી શુકદેવજીની વાણીમાં

(१) निशम्य कर्माणि गुणानतुभ्यान वीर्याणि लीला तनुभिः कृतानि ।
यदातिहर्षात्पुलकाश्रु गदगदं प्रोत्कण्ठ रौति नृत्यति ॥

(શ્રીમદ્ ભાગવત ૭-૭-૩૪)

(२) यदा ग्रहग्रस्त ईव कृचिध्वस त्या क्रन्दते ध्यायत्ति वन्दते जनम् ।
मृदुः श्वसनवकित हरे जगत्पते नारायणेत्यात्ममतिर्गतत्रपः ॥

(શ્રીમદ્ ભાગવત ૭-૭-૩૫)

(३) तदा पुमान्मुक्त समस्त बन्धन स्तद भावभावानुकृताशयाकृतिः ।
निर्दग्ध बीजानुशयो महीयसा भकित प्रयोगेण समेत्यधोक्षजम ॥

(શ્રીમદ્ ભાગવત ૭-૭-૩૬)

(४) उच्चैर्जगु नृत्यमाना रक्तकण्ठा रतिप्रियाः ।
कृष्णाभिमर्श मुदिता यद्गीतेनेदमावृतम् ॥

(શ્રીમદ્ ભાગવત ૧૦-૧૦-૪૬)

(५) उदगायतीनामरविन्दलोचनं व्रजांगनानां दिवमस्पृशध्वनिः ।
दध्नश्च निर्मंथन शब्दमिश्रितो निरस्यते येन दिशाममंगलम् ॥

(શ્રીમદ્ ભાગવત ૧૦-૩૨-૯)

(૬) एवं व्रत स्वप्रियनाम कीर्त्या जातानुरागोद्रुतचित्तउच्चैः ।
हसत्यथो रोदिति रौति गाय त्युन्मादवन्नृत्यति लोकबाह्यः ।।
(શ્રીમદ્ ભાગવત ૧૧-૨-૪૦)

(૭) वाक् गद्गदा द्रवते यस्य चित्तं रुदत्यभीक्ष्णं हसति क्वचिच्च ।
विलज्यउद्गायति नृत्यते च मद्भक्तियुक्तो भुवनं पुनाति ।।
(શ્રીમદ્ ભાગવત ૧૧-૧૪-૨૪)

અર્થાત્ (૧)(૨)(૩) ભગવાનના લીલાશરીરોથી તેમણે કરેલા અદ્દભૂત પરાક્રમો તેમના અનુપમ ગુણો અને ચરિત્રોને શ્રવણ કરી અત્યંત આનંદના ઉદ્રેકથી માણસનું રોમ રોમ ખીલી ઉઠે છે, આંસુઓથી કંઠ ગદ્‌ગદિત થઇ જાય છે અને તે સંકોચ છોડીને જોર જોરથી ગાવા-પુકારવા તથા નાચવા માંડે છે, ગ્રહગ્રસ્ત પાગલની માફક ક્યારેક તે હસવા માંડે છે અને ક્યારેક કરુણ ક્રંદન કરવા લાગે છે ક્યારેક ધ્યાન ધરે છે તો ક્યારેક ભગવદ્દભાવથી લોકોની વંદના કરવા માંડે છે. જયારે તે ભગવાનમાં જ તન્મય બની જાય છે, વારંવાર દીર્ઘ શ્વાસ લઇ, સંકોચ છોડી, ''હરે ! જગત્પતે !! નારાયણ !!' કહીને પુકારવા માંડે છે, ત્યારે ભકિતયોગના મહાન પ્રભાવથી તેના સમગ્ર બંધનો કપાઇ જાય છે અને ભગવદ્દભાવની જ ભાવના કરતાં કરતાં તેનું હૃદય પણ તદાકાર ભગવન્મય બની જાય છે તે વખતે તેના જન્મ-મૃત્યુના બીજોનો ખજાનો જ બળીને ખાખ થઇ જાય છે અને તે પુરૂષ શ્રી ભગવાનને પણ પ્રાપ્ત કરી લે છે.

(૪) ગોપીઓનું જીવન એટલે જ ભગવાનની રતિ, પ્રેમ. તેઓ શ્રીકૃષ્ણને અડીને નાચતી નાચતી ઉચ્ચ સ્વરથી મધુર ગાન કરી રહી હતી. શ્રી કૃષ્ણના સંસ્પર્શથી તો તેથી પણ વિશેષ આનંદમગ્ન થઇ રહી હતી. તેના રાગ-રાગણીયુકત ગાનથી આ સંપૂર્ણ જગત આજે પણ ગુંજી રહ્યું છે.

(૫) ગોપીઓ કમલ નયન ભગવાન શ્રી કૃષ્ણના મંગલમય નામોનું ગાન કરી રહી હતી. તેનું એ સંગીત દહીં મથવાની ધ્વનિમાં મળી જઇ એથી પણ વિશેષ અદ્દભૂત બની ગયું તથા સ્વર્ગલોક સુધી જઇ પહોચ્યું, જેના સ્વર આંદોલનો ચારે બાજુ ફેલાઇ દિશાઓનું અમંગલ મિટાવી દે છે.

(૬) જે આ રીતે પોતાના પ્રિયતમનું નામ રટવાનું વિશુદ્ધ વ્રત લઇ લે છે તેના હૃદયમાં પોતાના પ્રિયતમ પ્રભુના નામકીર્તનથી અનુરાગ અને પ્રેમના અંકૂર ફૂટી નીકળે છે. તેનું ચિત્ત દ્રવિત થઇ જાય છે ત્યારે તે સાધારણ લોકોની સ્થિતિથી જુદો પડી જાય છે, લોકોની માન્યતાઓ અને ધારણાઓથી પરે બની જાય છે. અને દંભથી નહિ, પરંતુ સ્વભાવથી જ પાગલ જેવી અવસ્થામાં મુકાઇ ક્યારેક ખડખડાટ હસવા માંડે છે તો ક્યારેક ધ્રુસકે ધ્રુસકે રડવા લાગે છે. કોઇ કોઇ વખત જયારે પોતાના પ્રિયતમને પોતાના નેત્રો સામે જ ઉપસ્થિત હોવાનો અનુભવ કરે છે, ત્યારે તેને રીઝવવા માટે નૃત્ય પણ કરવા માંડે છે.

(૭) જેની વાણી પ્રેમથી ગદ્‌ગદ થઇ રહી છે, ચિત્ત પીગળીને વહેતું જ રહે છે, એકક્ષણને માટે પણ આંખોના આંસુ નથી સુકાતા, વળી ક્યારેક ક્યારેક તે ખડખડાટ હસવા લાગે છે, તો કોઇ વખત શરમ છોડી ઉચ્ચ સ્વરથી ગાવા માંડે છે તો ક્યારેક નાચવા

માંડે છે. ભૈયા ઉદ્ધવ, આવો મારો ભકત માત્ર પોતાને જ નહિ, પરંતુ સારાયે સંસારને પવિત્ર કરી દે છે.

આ પ્રમાણે શ્રીમદ્ ભાગવત કે જે સમસ્ત વેદોનું સારતત્વ છે, નવનીત છે તેમાંથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે જીવન માત્રના પરમ કલ્યાણનું સર્વશ્રેષ્ઠ સાધન શ્રી ભગવન્નામ સ્મરણ જ છે. જે રાજા પરીક્ષિતના મનુષ્યમાત્રના પરમ કલ્યાણના સાધન વિષે પ્રશ્ન પુછતા પરમહંસ શિરોમણી બ્રહ્મસ્વરૂપે શ્રી શુકદેવજી મહારાજના નિમ્નલિખિત ઉપક્રમ તથા ઉપસંહારના શ્લોકો દ્વારા પ્રત્યક્ષ છે, જેમકે ઉપક્રમમાં કહેવામાં આવ્યું છે -

एतन्निर्विद्यमानामिच्छतामकुतो भयम् ।
योगीनां नृपनिर्णीतम हरेर्नामानुकीर्तनम् ॥

(શ્રીમદ્ ભાગવત ૨-૧-૧૧)

અર્થાત જે લોકો લોક તથા પરલોકની કોઇપણ વસ્તુની અભિલાષા સેવે છે અથવા તો સંસારમાં દુઃખનો અનુભવ કરી જે તેનાથી વિરકત થઇ ગયેલા છે અને નિર્ભય મોક્ષપદને પ્રાપ્ત કરવા માગે છે તેવા સાધકો માટે તથા યોગસંપન્ન સિદ્ધ જ્ઞાનીઓને માટે પણ સમસ્ત શાસ્ત્રોનો એક જ નિર્ણય છે અને તે એ કે તેઓ ભગવાનના નામનું પ્રેમથી સંકીર્તન કરે અને ઉપસંહારમાં -

नाम संकीर्तनं यस्य सर्वपापप्रनाशनम् ।
प्रणामो दुःखशमनस्तम् नमामि हरिं परम् ॥

(શ્રીમદ્ ભાગવત ૧૨-૧૩-૨૩) અંતિમ શ્લોક સં ૧૮૦૦૦

અર્થાત જે ભગવાનના નામોનું સંકીર્તન સારાયે પાપોને સર્વથા નષ્ટ કરી દે છે અને ભગવાનના ચરણોમાં આત્મ સમર્પણ પ્રણિત સદાને માટે બધી જ જાતના દુઃખો ને શાંત કરી દે છે તે પરમાત્મ સ્વરૂપ શ્રી હરિને હું નમસ્કાર કરું છું.

रामनाम मातुपितु स्वामी समरथ हितु, आस रामनाम की भरोसो रामनाम को ।
प्रेम रामनाम ही सो नेम रामनाम ही को
जानौं न मरम पद, सुभाय विधि बाम को ॥
स्वारथ सकल परमारथ को रामनाम, रामनाम हीन तुलसी न काहु काम को ।
राम की शपथ सर्वस्व मेरे रामनाम, कामधेनु कामतरु मोसे छीन छाम को ॥

(કવિતાવલી - ૧૭૮)

અંતમાં સમસ્ત પ્રાણીમાત્રના કલ્યાણ અર્થે સમસ્ત વેદપુરાણો, શાસ્ત્રો, સંતમતો, સારસંગ્રહરૂપ શ્રી રામ ચરિત માનસના રચયિતા કવિ કુલચુડામણી પરમાચાર્યપદભૂષણભૂષિત પ્રાતઃ સ્મરણીય, પરમવંદનીય, નિત્ય અર્ચનીય "કલિ કુટિલ જીવ નિસ્તાર હિત" શ્રી વાલ્મીકીજીના સ્વરૂપભૂત અવતાર શ્રીમદ ગોસ્વામી તુલસીદાસજીનો પણ અંતિમ સંદેશ

જે સમાજને સંતો શાસ્ત્રોમાં વિશ્વાસ નથી તે સમાજને ધિક્કાર છે.

તથા તેમની આ જનકલ્યાણાર્થ પરમ સાધનાના સતત સંરક્ષક, ભગવન્નામા મૃતરસના પરમ રસિક, સ્વયં પ્રભુને પ્રેમપાશમાં આબદ્ધ કરનાર વીરપુંગવ શ્રી હનુમન્તલાલજીના અંગ્રેલા ચરણ-સંદેશનું પણ શ્રવણ તથા મનન કરવા યોગ્ય છે, તદનુસાર પોતાની જીવનવૃત્તિને અગ્રેસર કરવાનો સમુચિત પ્રયાસ સૌ એ કરવો રહ્યો -

(૧) અંતિમ સંદેશ :

अलपतो अवधि जीव तामें बहु शोचपोच,
करिबे को बहुत है काह काह कीजिये ।
पार न पुरानहूँ को वेदहुं को अंत नाही,
भाषा तो अनेक चित्त कहाँ कहाँ दिजीये ।
काव्य की कला अनंत, छंद को प्रवंध बहु,
राग तो रसीले, रस कहाँ कहाँ पीजिये ।
सब बातन की एक बात लाखनकी एक बात
'तुलसी' बताये जात
जन्म जो सुधारा चहौं, रामनाम लिजिये ।

(શ્રી તુલસીદાસજી)

(२) कहता हूँ कही जात हूँ सुनता है सब कोय
राम भजे हित होयगा ना तो भला न होय ।

(શ્રી કબીરદાસજી)

(३) कल्याणानां निधानं कलिमलमथनं पावनं पावनानाम्
पाथेयं यन्मुमुक्षोः सपदि परंपद प्राप्तये प्रस्थितस्य ।
विश्रामस्थानमेकं कविवरवचसां जीवनं सज्जनानाम्
बीजं धर्मद्रुमस्य प्रभवतु भवतां भूतये रामनाम ॥

(મંગલાચરણ)

(४) भक्ति भक्त भगवंत गुरु चतुर नाम वपु एक ।
तिन के पद वंदन किये, नासे विघ्न अनेक ॥

(५) जासु नाम भवभेवज, हरन घोर त्रयशूल ।
सो कृपालु तोहि मोहिपे, श्री राम रहे अनुकुल ॥

॥ भक्त और भगवानकी जय ॥

શ્રી નામ મહિમા

(१) रामनाम समं तत्वं नास्ति वेदान्त गोचरे ।
यत्प्रसादात् पराम् सिध्धिम् संप्राप्ता मुनयोऽमलाम् ॥-

- केदारखंड

(२) गोप्यात गोप्यतमं भद्रे सर्वस्वं मम जीवनम् ।
रामनाम परं ब्रह्म कारणानां च कारणं ॥

- केदारखंड

(३) पेयं पेयं श्रवणपुटके रामनामाभिरामं,
ध्येयं ध्येयं मनसि सततं तारकं ब्रह्मरूपम्
जल्पन् जल्पन् प्रकृति विकृतो प्राणिनां कर्णमूले,
वीथ्यां वीथ्यामटति जटिलः कोऽपि काशि निवासी ॥

- काशीखंड

(४) यन्नामवैभवं श्रुत्वा शंकरात् शुकजन्मना ।
साक्षात ईश्वरतां प्राप्तो पूजितोऽहं मुनिश्वरैः ॥
नातः परतरं तत्वं श्रुतिसिध्धांत गोचरे ।
दष्टं श्रुतम मया कवापि सत्यं सत्यं वचो मम ॥-

- श्री शुकदेवजीः शुकसंहिता

(५) रामनाम जपतां कुतो भयम सर्व तापशमनैक भेषजम् ।
पश्य तात मम गात्रसंनिधौ पावकोऽपि सलिलायतेऽधुना ॥-

- श्री प्रहलादजी

तेन तप्तं हुतं, दत्तमेवाखिलं, तेन सर्वं कृतं कर्मजालं ।
येन श्री रामनामामृतं पानकृतःमनिशमनवद्यमवलोक्य कालं ॥
श्वपच खल भिल्ल यवनादि हरि लोकगत नामबल विपुलमतिमल न परसी ।
त्यागि सब आस, संत्रास, भवपास, असि निसित हरिनाम जपु दासतुलसी ॥

(विनयपत्रिका पद ४६
अन्तिम भाग)

શ્રી હનુમાન ચાલીસા

(દોહા)

શ્રી ગુરૂ ચરન સરોજ રજ, નિજ મન મુકુર સુધારિ;
બરનઉ રઘુવર બિમલ યશ, જો દાયક ફલ ચારિ.
બુધ્ધિહીન તનુ જાનિકે, સુમિરૌં પવન કુમાર,
બલ બુધ્ધિ વિદ્યા દેહુ મોહિ, હરહુ કલેશ બિકાર.

(ચોપાઇ)

જય હનુમાન જ્ઞાન ગુણ સાગર, જય કપીશ તિહૂઁ લોક ઉજાગર ।
રામદૂત અતુલિત બલધામા, અંજનીપુત્ર પવનસુત નામા ॥
મહાવીર વિક્રમ બજરંગી કુમતિ નિવાર સુમતિ કે સંગી ।
કંચન બરન બિરાજ સુવેશા કાનન કુંડલ કુંચિત કેશા ॥
હાથ વજ ઔર ધ્વજા બિરાજે, કાંધે મુંજ જનેઉ સાજે ।
શંકર સુવન કેસરી નંદન, તેજ પ્રતાપ મહા જગવંદન ॥
વિદ્યાવાન ગુણી અતિ ચાતુર, રામકાજ કરીબેકો આતુર ।
પ્રભુ ચરિત્ર સુનિવેકો રસિયા, રામલખન સીતા મન બસિયા ॥
સૂક્ષ્મરૂપ ધરી સિયહિં દિખાવા, બિકટ રૂપ ધરી લંક જલાવા ।
ભીમ રૂપ ધરી અસૂર સંહારે રામચંદ્ર કે કાજ સંવારે ॥
લાય સજીવન લખન જિયાયે, શ્રી રઘુવીર હરષિ ઉર લાયે ।
રઘુપતિ કીન્હી બહુત બડાઇ, તુમ મમ પ્રિય ભરત સમ ભાઇ ॥
સહસ્ત્રબદન તુમરો યશ ગાવે, અસ કહિ શ્રીપતિ કંઠ લગાવે ।
સનકાદિક બ્રહ્માદિ મુનીશા, નારદ શારદ સહીત અહિશા ॥
યમ કુબેર દિગપાલ જહાંતે, કવિ કોબિદ કહી સકે કહાઁતે ।
તુમ ઉપકાર સુગ્રીવહીં કીન્હા, રામ મિલાય રાજપદ દીન્હા ॥
તુમ્હરો મંત્ર બિભીષન માના, લંકેશ્વર ભએ સબ જગ જાના ।
યુગ સહસ્ત્ર યોજન પર ભાનુ, લીલા તાહિ મધુર ફલ જાનુ ॥

પ્રભુમુદ્રિકા મેલી મુખમાહીં, જલધિ લાંઘી ગયે અચરજ નાહીં ।
દુર્ગમ કાજ જગતકે જે તે, સુગમ અનુગ્રહ તુમ્હરે તે તે ॥
રામદુવારે તુમ રખવારે, હોત ન આજ્ઞા બિનુ પૈસારે ।
સબ સુખ લહૈ તુમ્હારી શરના, તુમ રક્ષક કાહૂ કો ડરના ॥
આપન તેજ સમ્હારો આપૈ, તીનોં લો હાંકતે કાપૈ ।
ભૂતપિશાચ નિકટ નહિં આવૈ, મહાબીર જબ નામ સુનાવૈ ॥
નાસૈ રોગ હરે સબ પીરા, જપત નિરંતર હનુમંત બીરા ॥
સંકટસે હનુમાન છુડાવૈ, મન ક્રમ બચન ધ્યાન જો લાવૈ ।
સબ પર રામ તપસ્વી રાજા, તીન કે કાજ સકલ તુમ સાજા ।
ઔર મનોરથ જો કોઇ લાવૈ, સોઇ અમીત જીવન ફલ પાવૈ ॥
ચારો યુગ પરતાપ તુમ્હારા, હૈ પરસિધ્ધ જગત ઉજીયારા ।
સાધુ સંત કે તુમ રખવારે, અસુર નિકંદન રામ દુલારે ॥
અષ્ટસિધ્ધિ નવ નિધિ કે દાતા, અસવર દિન્હ જાનકી માતા ।
રામ રસાયન તુમ્હરે પાસા, સદા રહો રઘુપતિ કે દાસા ॥
તુમ્હરે ભજન રામ કો પાવૈ, જન્મ જન્મકો દુઃખ બિસરાવૈ ।
અંતકાલ રઘુવરપુર જાઇ, જહાં જન્મ હરિભકત કહાઇ ॥
ઔર દેવતા ચિત ન ધરઇ, હનુમંત સેઇ સર્વ સુખ કરઇ ।
સંકટ હટૈ મિટૈ સબ પીરા, જો સુમિરૈ હનુમંત બલબીરા ॥
જૈ જૈ જૈ હનુમાન ગુંસાઇ, કૃપા કરહુ ગુરૂ દેવ કી નાઇ ।
યહ શતબાર પાઠકર કોઇ, છૂટહિ બંદિ મહાસુખ હોઇ ॥
જો યહ પઢૈ હનુમાન ચાલીસા, હોય સિધ્ધિ સાખી ગૌરીશા ।
તુલસીદાસ સદા હરિચેરા, કીજૈ નાથ હૃદય મહું ડેરા ॥

દોહરો

પવન તનય સંકટ હરણ, મંગલ મૂરતિ રૂપ,
રામલખન સીતા સહિત, હૃદય બસો સુર ભૂપ,

રસ્તો પૂછયે - સાંભળ્યે મંઝીલ આવે નહિં ચાલવાનું શરૂ કરવું પડે.

જય જય રઘુવીર સમર્થ કી જય
શ્રી રામ જય રામ જય જય રામ

"શ્રી શિવ પંચાક્ષર સ્તોત્રમ"

નાગેન્દ્રહારાય ત્રિલોચનાય,
ભસ્માંગરાગાય મહેશ્વરાય,
નિત્યાય શુધ્ધાય દિગમ્બરાય,
તસ્મૈ 'ન' કારાય નમઃ શિવાય......૧
મંદાકિની સલિલ ચંદન ચર્ચિતાય,
નન્દીશ્વર પ્રમથનાથ મહેશ્વરાય,
મન્દાર પુષ્પ બહુ પુષ્પ સુપુજિતાય,
તસ્મૈ 'મ' કારાય નમઃ શિવાય ૨
શિવાય ગૌરીવદનાબ્જવૃન્દ
સૂર્યાય દક્ષાધ્વરનાશકાય,
શ્રી નીલકંઠાય વૃષધ્વજાય,
તસ્મૈ 'શિ' કારાય નમઃ શિવાય...... ૩
વશિષ્ઠ કુમ્ભોદભવ ગૌતમાર્ય,
મુનિન્દ્રદેવાર્ચિત શેખરાય,
ચન્દ્રાર્ક વૈશ્વાનર લોચનાય,
તસ્મૈ 'વ' કારાય નમઃ શિવાય...... ૪
યક્ષ સ્વરૂપાય જટાધરાય,
પિનાકહસ્તાય સનાતનાય,
દિવ્યાય દેવાય દિગમ્બરાય,
તસ્મૈ 'ય' કારાય નમઃ શિવાય......૫

પંચાક્ષર મિદં પુણ્યં યઃ પઠેચ્છિવ સંનિધૌ,
શિવલોકમવાપ્નોતિ શિવેન સહ મોદતે.

ઇતિ

શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ

રામનામ

"ઇશ્વરનું સર્વોત્તમ લક્ષણ અને નામ સત્ય છે એવું ઘણાં વખત પહેલાંથી મને બુધ્ધિ તેમજ હૃદયથી સમજાયું હતું છતાં હું સત્યને રામના નામથી ઓળખું છું. મારી કસોટીના કપરા કાળમાં એ એક નામે મને ઉગાર્યો છે અને તે હજી યે મને ઉગારે છે."

- મહાત્મા ગાંધી

તૈસે પ્રાણી હરિનામ બીના

સુમિરન કર લે મેરે મના,
તેરી બીતી જાતિ ઉમર, હરિનામ બિના...... સુમિરન

કૂપ નીર બિનુ, ધેનુ છીર બિનુ, ધરતી મેહ બિના;
જૈસે તરુવર ફલ બિન હીના, તૈસે પ્રાણી હરિનામ બિના ...... સુમિરન

દેહ નૈન બિન રૈન ચંદ બિન, મંદિર દીપ બિના;
જૈસે પંડિત વેદ વિહીના, તૈસે પ્રાણી હરિનામ બિના...... સુમિરન

કામ ક્રોધ મદ લોભ નિહારો છાંડ દે અબ સંતજના।
કહે નાનકશા, સુન ભગવંતા યા જગમેં નહિ કોઇ અપના...... સુમિરન

रामनाम

है तो
मिश्री
लेकिन ?
''मिश्री-मिश्री''
कहने से किसीका मुंह कभी मीठा हुआ है ?
अरे, मुंह तो तभी मीठा होगा,
जब उसमे मिश्रीकी डली डालोंगे ?
चलनेसे दूर रहकर, केवल बातो से कोइ घर पहुंचा है ?
राहगीर तो वही चतुर कहा जायेगा जिसने चुपचाप अपना रास्ता पकड लिया।

-दादूदयाल

શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ

શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ
શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ શ્રી રામ જય રામ જય જય રામ